**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા** (પૂર્વ કસોટી - જાન્યુઆરી, ૨૦૦૧)

**સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦** **સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ - પ્રશ્નપત્ર-૧** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ને આધારે)**

**પ્રશ્ન.૧. (અ) નીચે આપેલ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૧૮)

૧. મનને સ્થિર થવાનું અને નિર્વિષયી થવાનું સાધન.

૨. ગ. મધ્ય ૧૨ રાજનીતિનું.

૩. કાગદી લીંબુ ચૂસ્યાના દૃષ્ટાંતે શ્રીહરિએ કહેલો સ્વમહિમા મ. ૧૩ના આધારે.

૪. સોનીની પેઢીના દૃષ્ટાંતનું હાર્દ.

૫. જે નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક પરલોકમાં દૃઢ મેળાપ રહે છે.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને વચનામૃતના સંબંધિત ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. અને આવી વાત સાંભળીને ...................................... થવાનું કોઈ મોટું સાધન નથી.

૨. અને જે ભગવાનનો ............................... તો કોઈ સમર્થ નથી.

૩. એકાંતિક ભક્ત હોય .............................. બીજી મોટી પદવી નથી.

૪. ભગવાન અને ભગવાનના જે સંત ....................................... અતિશય બળ આવે છે.

૫. અને જે ત્યાગી હોય .............................................. ત્યાગીમાં મોટેરો કહેવાય.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતને આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

**૧.** ઇન્દ્રિયોનો સંયમ **૨.** ભગવાનની પ્રસન્નતાનો ઉપાય **૩.** સંત મહિમા

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્રશ્ન.૨. (અ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (ગુણ ૬)

૧. બ્રહ્મરૂપ ક્યારે થવાય ?

૨. અવળા પક્ષે કરીને શું થાય ?

૩. આંબા જેવા ભક્ત કોને કહેવાય ?

૪. ગુરુ કર્યા ક્યારે કહેવાય ?

૫. અધર્મ સર્ગ પ્રવેશ કરે ત્યારે શું થાય ?

૬. હું અક્ષરધામમાંથી કેવો આવ્યો છું ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** (ગુણ ૭)

૧. નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે એવા છે. તેની સાથે કોઈ પ્રકારે ........................... રાખે નહીં તો સત્પુરુષના ગુણ મુમુક્ષમાં આવે. (અંતરાય, આંટી, કપટ)

૨. મુમુક્ષુ હોય તે જો .............................. કરીને આ સત્પુરુષનો મન, કર્મ, વચને સંગ કરે છે તો તે બ્રહ્મરૂપ થાય છે. (હેતે, વિશ્વાસે, શ્રદ્ધાએ)

૩. જન્મોત્રીમાં ગુણાતીતાનંદ સ્વામીની આવરદા ......................... વર્ષ લખેલી છે. (૫૮, ૬૦, ૮૨)

૪. જીવોના કારણ શરીર ટાળવા શ્રીજીમહારાજ સાધુ અને ................. સાથે લાવ્યા. (શાસ્ત્ર, નિયમ, ઐશ્વર્ય)

૫. આ સાધુને વિષે .................... આવે તેથી બીજું કાંઈ ભૂંડું નથી. (દેહભાવ, મનુષ્યભાવ, ગુણભાવ)

૬. મહારાજે કહ્યું જે ..................... અધિક છે. (ધ્યાન કરવું, માંદાની સેવા કરવી, આત્મારૂપે વર્તવું, વાતો કરવી)

૭. ......................... દેશના હરિજન ઉપર મહારાજને બહુ હેત તે સુખ દેવા મહારાજે મુને રાખ્યો છે. (કચ્છ, સોરઠ, ગઢડા)

**(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)

૧. શ્રીજીમહારાજનું પુરુષોત્તમપણું

૨. સ્વામીના શબ્દોમાં પંચવિષયનું ખંડન

૩. બ્રાહ્મણના મનસૂબા ખોટા થઈ ગયા.

૪. સ્વામીએ કહેલું સ્વસ્વરૂપનું દર્શન

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ૨' નવી આવૃત્તિને આધારે)**

**પ્રશ્ન.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

**૧.** સમાધિ દ્વારા શ્રીહરિનું ઐશ્વર્ય દર્શન **૨.** નિર્ભય અને અડગ મનના સતત પ્રવાસી નીલકંઠવર્ણી

**૩.** વર્ણીરાજનો સત્તાધીશો ઉપરનો પ્રભાવ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૦)

**૧.** સુવાસિની ભાભીનો ઘનશ્યામ પ્રત્યેનો પ્રેમ

**૨.** લોજમાં નીલકંઠની જીવનચર્યા

**૩.** લાલજી બન્યા નિષ્કુળાનંદ

**૪.** જગન્નાથપુરીમાં નીલકંઠ

**નોંધ : ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતાઓ રહેલી છે.**

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા** (પૂર્વ કસોટી - જાન્યુઆરી, ૨૦૦૧)

**સમય : બપોરે ૨:૦૦ થી ૫:૦૦** **સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ - પ્રશ્નપત્ર-૨** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ'ના પુસ્તકને આધારે)**

**પ્રશ્ન.૧. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. આદર્શ ગુરુ પ્રમુખસ્વામી મહારાજ

૨. સ્વામીશ્રીએ કરેલ જીવન પરિવર્તન

૩. પ્રમુખસ્વામી મહારાજની ગુરુભક્તિ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ

૨. સ્વામીશ્રીનું ઐશ્વર્ય દર્શન

૩. કથા વ્યાસંગી સ્વામીશ્રી

૪. સ્વામીશ્રીનું પત્રલેખન

**('ગુણાતીતાનંદ સ્વામી'ના વિસ્તૃત જીવન ચરિત્રના આધારે)**

**પ્રશ્ન.૨. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. વિવિધ પ્રસંગો દ્વારા વ્યક્ત થતું ગુણાતીતાનંદ સ્વામીનું ઐશ્વર્ય

૨. ગુણાતીતાનંદ સ્વામી હરિભક્તોના દુઃખે દુઃખિયા

૩. આજ્ઞાપાલક ગુણાતીતાનંદ સ્વામી

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષયો પર ટૂંકનોંધ લખો.** (ગુણ ૨૦)

૧. ગુણાતીતાનંદ સ્વામીની નિયમ-ધર્મની દૃઢતા

૨. ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીનો પરસ્પરનો અનુરાગ

૩. શ્રીહરિએ કહેલો સાકરબાને મૂળજીનો મહિમા

૪. ગુણાતીતાનંદ સ્વામીનું વડતાલમાં અપમાન

**(નિબંધ : સામાન્ય જ્ઞાન)**

**પ્રશ્ન.૩. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. ગુણાતીતાનંદ સ્વામી મારી નજરે.

૨. અભ્યાસ અને સ્વાધ્યાય : જીવન વિકાસના શ્રેષ્ઠ સોપાન

૩. નિયમ ધર્મનું મહત્ત્વ

૪. એક અજોડ પ્રતિજ્ઞા : પચાસ વર્ષ પહેલાની

**નોંધ : ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતાઓ રહેલી છે.**